# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-11-2024** **Midday : 2.30 to 2.35pm**
**Day: Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Birsa Munda

આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે આવતી કાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બિહારના જમુઈ ખાતેથી ‘પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન- પી.એમ.જનમન’ના લાભાર્થીઓ સાથે ઈ- સંવાદ કરશે.

રાજ્યકક્ષાની ઉજવણીનાં ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આવતી કાલે ડાંગના આહવા ખાતે ઈ-સંવાદ કાર્યક્રમ યોજાશે.

પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે ૧૦ કલાકે યોજાનાર કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોર, વલસાડ- ડાંગ જિલ્લાના સાંસદ તેમજ લોકસભાના દંડક ધવલ પટેલ સહિતનાં અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત, આવતી કાલે મંત્રીઓ, સાંસદો અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં રાજ્યમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

જનજાતિય વિસ્તારોમાં રહેલા લોકોનું જીવન ધોરણ સુધારવા, સરકારી યોજના વિષેની લોકજાગૃતિ કેળવવા તેમજ યોજનાનો લાભ અત્યંત અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચાડવામાં આવશે.

# Binkheti Hetufer Kamgiri

રાજ્ય સરકારે વાસ્તવિક ખરીદારનાં કિસ્સામાં જિલ્લા અને રાજ્યકક્ષાએ જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેરની કામગીરીની દરખાસ્તોની મંજૂરીમાં ઝડપ લાવવાનો નિર્ણય કર્યો છે.

મહેસુલ વિભાગના ઠરાવ મુજબ વાસ્તવિક ખરીદારનાં કિસ્સામાં જમીનનાં મૂલ્યાંકનને આધારે પ્રીમિયમ વસુલાતની વર્તમાન સત્તા સોંપણીમાં ફેરફાર કરીને હવે પાંચ કરોડ રૂપિયા સુધીના જમીનના મૂલ્યાંકન પર પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તા જિલ્લા કલેકટરને સોંપવામાં આવી છે.

વર્તમાન નિયમ અનુસાર જે જમીનનું મૂલ્યાંકન ૫૦ લાખ રૂપિયાથી વધુ હોય તેવા કિસ્સામાં વાસ્તવિક ખરીદારે રાજ્ય કક્ષાએથી ફરજિયાત મંજૂરી લેવી પડે છે. આવા ખરીદારની અરજીની વધુ સંખ્યાને કારણે મંજૂરી પ્રક્રિયામાં વિલંબ થતો હોવાથી રાજ્ય સરકારે સત્તા વિકેન્દ્રીકરણનો નિર્ણય કર્યો છે.

## Nehru-Vidhansabha

ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે પંડિત જવાહરલાલ નહેરુની ૧૩૫મી જન્મજયંતી નિમિત્તે તેમના તૈલચિત્રને વિધાનસભાના કાર્યકારી સચિવ ચેતન પંડ્યાએ ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ અવસરે ચાચા નહેરુના વ્હાલા એવા બાળકો, વિધાનસભાના અધિકારીઓ અને કર્મચારીઓએ પણ પંડિત જવાહરલાલ નહેરુને પુષ્પાંજલિ આપી હતી. સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ બાળકોના પ્યારા હોવાથી તેમના જન્મદિનની બાળદિન તરીકે પણ ઉજવણી કરવામાં આવે છે. તેમણે સને ૧૯૪૭ થી ૧૯૬૪ દરમિયાન ભારતના પ્રધાનમંત્રી રહી ભારતની શાન દુનિયાભરમાં વધારી, પંચશીલના સિદ્ધાંતો આપ્યા હતા

## Siddhpur Kartike Melo

સિદ્ધપુરમાં સાપ્તાહિક કાર્તિકી પૂર્ણિમાનાં મેળાનો આજે સાંજે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે વિધિવત્ પ્રારંભ થશે. સિધ્ધપુરની આસપાસના ગામો અને ઉત્તર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લોકો તર્પણ વિધિ માટે ભાગ લેશે. મેળામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેમ જ લોકોને જાહેર સલામતી અને સુરક્ષા મળી રહે તે માટે પોલીસ તંત્રએ નદીના પટમાં, હાઇવે ઉપર અને સિદ્ધપુર શહેરના જુદા જુદા વિસ્તારોમાં કુલ 70 પોલીસ પોઇન્ટ સ્થાપ્યા છે. એક ડીવાયએસપી, પાંચ પીઆઇ, 18 પીએસઆઇ, 250 પોલીસ તેમજ 250 ઉપરાંત હોમગાર્ડ અને જીઆરડીનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

આ ઉપરાંત શહેરમાં મોટા વાહનો પર પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવાયો છે. સિદ્ધપુર નગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ મેળાની તૈયારીઓને આખરી ઓપ આપીને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

# GIR SOMANATH-KARTIKI POORNIMA FAIR

શ્રી સોમનાથટ્રસ્ટ આયોજિત કાર્તિકી પૂર્ણિમા મેળાના ત્રીજા દિવસે ગઈ કાલે ૩ લાખ જેટલા સેહલાણીઓ ઉમટ્યા હતા.

અમારા ગીરસોમનાથ જિલ્લાના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે ત્રીજા દિવસે મેળાનું સૌથી મોટું આકર્ષણનું કેન્દ્ર વિશ્વપ્રસિદ્ધ લોકગાયક શ્રી કિર્તીદાન ગઢવીનો લોક ડાયરો હતો. કિર્તીદાન ગઢવીએ સોમનાથ મહાદેવની આરાધનાથી શરૂ કરેલ લોક ડાયરો મધ્યરાત્રી સુધી અનેક જૂના લોકગીતો, ભક્તિ ગીતો, શોર્ય ગીતો, દેશભક્તિના ગીતો સાથે સોળે કલાએ ખીલ્યો હતો. વેપારીઓના જણાવ્યા અનુસાર પ્રતિ વર્ષની સરખામણીમાં આ વર્ષે વેચાણમાં પણ તેજી અનુભવાઇ છે.

# Khyati Hospital

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં બે દર્દીનાં મૃત્યુનાં કેસમાં પાંચ વ્યક્તિ સામે ફરિયાદ નોંધાયા બાદ પોલીસે આજે દર્દીઓની સર્જરી કરનાર ડોકટર પ્રશાંત વઝીરાણીની ધરપકડ કરી છે.

અમારા અમદાવાદ જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, ડોક્ટર વઝીરાણીની ધરપકડ કરીને મેડિકલ તપાસ માટે સોલા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. તેમને આજે સાંજે કોર્ટમાં રજુ કરવામાં આવે તેવી શકયતા છે.

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો.